AAU

कृण्वन्तो राष्ट्रं कृषिसंपन्नम्

# કૃત્રિમ બીજદાન અપનાવો અને ઓલાદ સુધારો



પશુપાલન વ્યવસાયને નફાકારક રીતે ચલાવવા માટે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધિત અનુસાર પશુસંવર્ધન કરવું જરૂરી છે. પશુ સંવર્ધનમાં કૃત્રિમ બીજદાનનું મહન્વ છે. કૃત્રિમ બીજદાન માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી વીર્યનું એકત્રીકરણ, પરીક્ષણ, મૂલ્યાંકન, અનુંકરણ, સંરક્ષણ, કૃત્રિમ બીજદાન, કેન્દ્ર સુધી પહોંચાડવા પરિવહન તથા ગરમીમાં આવે પ્રજનન યોગ્ય બીજાદાન કરવા સુધીની કામગીરી ખૂબ જ મહત્વની છે.

**કૃત્રિમ બીજદાન એટલે શું ?**

શુધ્ધ અને સારી વંશાવાળીના આખલાનું વીર્ય મેળવવું. વીર્યને લાંબા સમય સુધી પોષણ મળે તે માટે યોગ્ય દ્રાવણમાં મેળવવું. વીર્ય લાંબો સમય જીવિત રહે તે માટે તેને રેફ્રિજરેટર પેટીમાં બરફ સાથે રાખવું. વીર્યદાન કરતાં પહેલા વીર્યને લાંબી કાચની સળીમાં લેવું. પાકી પાળીમાં આવેલી ગાયને તાલીમ પામેલા કર્મચારી દ્વારા વીર્યદાન કરાવવું. આ રીતે આખલાના વીર્યથી કૃત્રિમ રીતે ફાલુ કરવાથી પધ્ધતિને ‘‘કૃત્રિમ વિર્યદાન’’ પધ્ધતિ કહે છે.

**કૃત્રિમ બીજદાન શા માટે ?**

(૧) પશુ ઓલાદ સુધારણા માટે ઉપલબ્ધ સાંઢ / પાડાનો અધિકતમ ઉપયોગ કરવા માટે

(૨) પ્રજનન સંબંધી કેટલાક ચેપી રોગો જેવા કે ચેપી ગર્ભપાત, બ્રુસેલોસીસી તથા ટ્રાઈકો મોનિયાસીસ વગેરેના સફળતા પૂર્વક નિયંત્રણ કૃત્રિમ બીજદાનથી જ સંભવ છે.

(૩) નાના પશુપાલકો કે જેઓ ૫ થી ૧૦ પશુઓ રાખતા હોય તેમની માટે એક સાંઢ રાખવો આર્થિક રીતે પોષાય તેમ નથી.

(૪) કૃત્રિમ બીજદાન માટે આવેલ પશુનું વિશેષ પરિક્ષણ કરવામાં આવે છે. જેથી પ્રજનન સંબંધી રોગોનું નિદાન તથા ઉપચાર, ચોકકસ સમયે થઈ શકે છે.

(૫) કૃત્રિમ બીજદાનથી સેંકડો માઈલ દૂર રહેલ ઉત્તમ ઓલાદના સાંઢ / પાડાથી પ્રજનન સંભવ થઈ શકે છે.

**કૃત્રિમ બીજદાન અંગે પશુપાલકોએ ધ્યાનમાં લેવા જેવા મુદ્દાઓ :**

ગુજરાત રાજયમાં ગાયની કાંકરેજ તથા ગીર ઓલાદ અને ભેંસોમાં મહેસાણી, જાફરાબાદી તથા સુરતી ઓલાદનું આગવું સ્થાન છે. આ ઓલાદોના સુધારણા માટે પશુસંવર્ધનમાં કૃત્રિમ બીજદાનનું ખૂબ જ મહત્વનું છે

(૧) જે પશુઓ ગરમીમાં આવે તેમને કૃત્રિમ બીજદાન કરાવવાનું જરૂરી છે.

(૨) કૃત્રિમ બીજદાન કર્યા પછી પશુને સાંઢ કે પાડાથી ફેળવવું જોઈએ નહી તથા બે દિવસ ચરવા માટે છોડવા નહિં.

(૩) કુત્રિમ બીજદાનની તારીખની નોંધ રાખવી તથા ૨૦ થી ૨૧ માં દિવસો દરમિયાન પશુ ફરીથી ગરમીમાં આવે છે કે કેમ તે બાબતે પશુપાલકે ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

(૪) જો કૃત્રિમ બીજદાન થયા પછી ૨૦ થી ૨૪ દિવસમાં પશુ ગરમીમાં ના આવે તો આવા પશુને બે થી ત્રણ માસ પછી ગર્ભાધાન માટે પરિક્ષણ કરાવવું જોઈએ.


(૫) જે પશુઓને ગર્ભાધાન થયેલ છે તેના ઉચિત દેખભાળ, પાલનપોષણ તથા જરૂરી સારવાર બાબતની જાણકારી પશુપાલકોને નિયમિત કૃત્રિમ બીજદાન કેન્દ્રના કર્મચારી પાસેથી મેળવવી જોઈએ.

(૬) જે પશુઓમાં ગર્ભાધાન થયેલ નથી અને ગરમીમાં આવતા નથી તેવા પશુઓને

ગરમીમાં લાવવા માટે જરૂરી સારવાર પશુ ચિકિત્સક પાસે સમયસર કરાવવી જોઈએ.

(૭) ગામમાં પ્રજનન યોગ્ય સાંઢને / પાડાને ખસીકરણ કરવાથી માદા પશુ ગરમીમાં છે કે કેમ ? તે જાણવું પશુપાલક માટે અઘરૂં થઈ શકે છે. જેથી જે ગામમાં પશુઓ ટોળામાં રાખવામાં આવતા હોય ત્યાં પશુઓનાં ટોળામાં એકાદ નસબંધી કરેલ સાંઢ રાખવાથી ગાય ભેંસ ગરમીમાં છે કે કેમ તે જાણી શકાય છે. આવા ટીઝર સાંઢના સંપર્કમાં ગાય ભેંસ આવવા છતાં ગર્ભાધાન થતું નથી અને ઉતરતી કક્ષાના બચ્ચા ઉત્પન્ન થવાની સંભાવના રહેતી નથી.

## કૃત્રિમ વીર્યદાન -ગુદા દ્વારા કમળ પકડીને



ડૉ. સફી વહોરા અને ડૉ. જી.એન. થોરાત
પશુ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢબારીયા